# બિન સબસીડીવાળા એલપીજીની કિંમતમાં ૧૬.૫૦નો વધારો



નવી દિલ્હી, તા.૧

બિન સબ્સિડીવાળા રાંધણગેસ (એલપીજી)ની કિંમતમાં આજે પ્રતિ સિલિન્ડર ૧૬.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે જ સબસીડીવાળા સિલિન્ડરના ક્વોટા બાદ જે સિલિન્ડરની ખરીદી કરવામાં આવશે તેના ઉપર સામાન્ય લોકોને વધુ નાણાં ચુકવવા પડશે. ઈરાક કટોકટીના પરિણામ સ્વરૂપે આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં એકાએક વધારો થયા બાદ બિન સબસીડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો ઝિંકી દેવાયો છે. બિન સબસીડીવાળા એલપીજી એવા સિલિન્ડર છે જે ૧૨ સબસીડીવાળા સિલિન્ડરોના તેમના ક્વોટા બાદ ગ્રાહકો દ્વારા ખરીદવામાં આવે છે. છ મહિનામાં પ્રથમ વખત આમાં વધારો કરવામાં આવ્યો છે. નોન સબસીડીવાળા એલપીજીની કિંમત વધતા આને લઈને પણ સામાન્ય લોકોમાં ચિંતા છે. કારણકે, કેટલાક મોટા પરિવારમાં ક્વોટા કરતા વધારે સિલિન્ડરોનો ઉપયોગ થાય છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ દરેક બિન સબ્સિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમત દિલ્હીમાં હવે વધીને ૯૨૨.૫૦ થઈ જશે જે હાલમાં ૯૦૬ રૂપિયા છે.

બિન સબસીડીવાળા એલપીજીના રેટમાં ગયા મહિનામાં સિલિન્ડર દીઠ ૨૩.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં સબસીડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમત હાલમાં ૪૧૪ રૂપિયા છે. આઈઓસીનું કહેવું છે કે, એલપીજી ઉપર નુકશાન પ્રતિ સિલિન્ડર વધીને ૪૪૯ રૂપિયા થઈ ગયું છે. ગયા મહિને એલપીજી પર નુકશાન ૪૩૨.૭૧ રૂપિયા હતું. જે વધીને હવે ૪૪૯ રૂપિયા થયું છે. આ નુકશાન જાન્યુઆરી મહિનામાં ૭૬૨.૫૦ રૂપિયા હતું. અલગ રીતે જેટ ફ્યુઅલ અથવા તો એવીએસન ટર્બાઈન ફ્યુઅલની કિંમતમાં પ્રતિ કિલો લીટર ૪૧૩.૭૮નો વધારો થયો છે. આની સાથે જ કિંમત વધીને ૭૦૧૬૧.૭૬ પ્રતિ કિલો લીટર થઈ છે.

**આરજેડીના વડા લાલુ યાદવને મોટો ફટકો**

## ચારા કૌભાંડમાં ટ્રાયલને રદ કરવાની માંગણીને ફગાવાઈ

રાંચી,તા. ૧

રાંચીમાં સીબીઆઈ કોર્ટે કરોડો રૂપિયાના ઘાસચારા કૌભાંડ કેસના સંદર્ભમાં તેમની સામે ત્રણ કેસોની ટ્રાયલને રદ કરવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી આરજેડીના વડા અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવની અરજીને ફગાવી દીધી હતી. બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવે કહ્યું હતું કે, તેમને પહેલાથી જ ઘાસચારા કૌભાંડ કેસો પૈકીના એક કેસમાં અપરાધી જાહેર કરીને સજા કરવામાં આવી ચુકી છે. અન્ય ત્રણ કેસો પણ આવા જ સ્વરૂપના છે જેથી ટ્રાયલ રદ કરી દેવી જોઈએ. સીબીઆઈએ એવા આધાર ઉપર અરજીનો વિરોધ કર્યો હતો કે, સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયાની ઉચાપત કરી લેવામાં આવી હતી. જેથી આ ત્રણ કેસો એકબીજાથી જુદા પ્રકારના લાલુ યાદવને ઘાસચારા કૌભાંડના એક કેસમાં ગયા વર્ષે અપરાધી જાહેર કરીને ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. લાલુ યાદવ હાલમાં જામીન મેળવી ચુક્યા છે. જામીન પર છુટ્યા બાદ લાલુ યાદવે લોકસભાની ચુંટણીમાં પ્રચારવેળા ભાજપ અને અન્ય રાજકીયપક્ષો ઉપર પ્રહારો પણ કર્યા હતા અને પોતાની પાર્ટીને જીત અપાવવાના પ્રયાસ કર્યા હતા પરંતુ



લોકસભાની ચુંટણીમાં લાલુ યાદવની પાર્ટી આરજેડીનો સફાયો થયો હતો અને કારમી હાર થઈ હતી. ઘાસચારા કૌભાંડમાં લાલુ યાદવ ઘણા સમયથી મુશ્કિલીનો સામનો કરી રહ્યા છે. તેમની સામે ભ્રષ્ટાચાર અને નાણાંની ઉચાપતના મામલા સપાટી પર આવ્યા બાદ ભારે વિરોધવંટોળ વચ્ચે વર્ષો પહેલા લાલુને રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. લાલુની ગેરહાજરીમાં આરજેડીને પણ મોટો ફટકો પડ્યો હતો.

**માર્ગ અકસ્માત તમિલનાડુમાં સૌથી વધુ**

## ઉત્તરપ્રદેશમાં કુલ ૭૦૧ રેલ-માર્ગ અકસ્માત થયા

નવી દિલ્હી, તા.૧

દેશમાં એક્સીડેન્ટલ મોતના આંકડામાં વધારો થયો છે પરંતુ દેશમાં માર્ગ અકસ્માતોના કારણે મોતની સંખ્યામાં ૧.૨ ટકાનો નજીવો ઘટાડો ૨૦૧૩માં નોંધાયો છે. ૨૦૧૨માં માર્ગ અકસ્માતોના કારણે ૧૩૯૦૯૧ લોકોના મોત થયા હતા. જ્યારે ૨૦૧૩માં આ આંકડો ઘટીને ૧૩૭૪૨૩ નોંધાયો છે. દેશમાં પ્રતિ એક હજાર વાહનોમાં મોતનો દર ૨૦૦૯માં ૧.૪થી ઘટીને ૨૦૧૩માં ૦.૯ થયો છે. બિહાર અને સિક્કીમમાં પ્રતિ હજાર વાહનો મોતનો દર સૌથી વધારે ૧.૬ રહ્યો છે જ્યારે પશ્ચિમ બંગાળમાં આ દર ૧.૫ છે. તમિલનાડુમાં માર્ગ અકસ્માતોની સૌથી વધુ સંખ્યા છે. ૨૦૧૩માં તમિલનાડુમાં માર્ગ અકસ્માતો ૬૬૨૩૮ નોંધાયા હતા. દેશમાં નોંધાયેલા માર્ગ અકસ્માતો પૈકી ૧૫ ટકા અકસ્માત તમિલનાડુમાં થયા હતા. ઉત્તરપ્રદેશમાં રેલવે રોડ અકસ્માતોના ૭૦૧ કેસ નોંધાયા હતા જ્યારે મહારાષ્ટ્રમાં રેલવે અકસ્માતમાં ૮૧૬૫ કેસ નોંધાયા હતા. જે રેલવે અકસ્માતો પૈકીના ૨૬.૧ ટકાની આસપાસ છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, દેશમાં કુદરતી કારણોસર આકસ્મિક મોતના કેટેગરીમાં પણ બનાવ બન્યો છે. હિટ સ્ટ્રોકના કારણે ૫.૩ ટકા લોકોના મોત થયા છે. જ્યારે શરદી અને અન્ય બિમારીઓથી ૪.૨ ટકાના મોત થયા છે.

**ભારતીય જવાનો દ્વારા જોરદાર જવાબી કાર્યવાહી**

## પુંછમાં અંકુશ રેખા પર ફરી પાકિસ્તાન દ્વારા ગોળીબાર

જમ્મુ,તા. ૧

યુદ્ધ વિરામના ભંગના વધુ એક ઘટનાક્રમમાં પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ કાશ્મીરમાં પુંછ જિલ્લામાં અંકુશ રેખા ઉપર ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. સંરક્ષણ પ્રવક્તા મોનીષ મહેતાએ માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાની સૈનિકોએ પુંછ જિલ્લામાં મેનધાર અગ્રીમ વિસ્તારમાં અંકુશ રેખા ઉપર ભારતીય ચોકી ઉપર નાના અને મોટા હથિયારો સાથે ગોળીબાર કર્યો હતો. રાત્રે ૧૧:૩૫ વાગ્યે આ બનાવ બન્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ કરેલા ગોળીબારના જવાબમાં ભારતીય સૈનિકોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. સામ-સામે ગોળીબારના કારણે થોડાક સમય સુધી તંગદીલી ફેલાઈ ગઈ હતી. ૨૭મી જુનના દિવસે પાકિસ્તાની સૈનિકોએ પુંછમાં ભીમબાર ગલી અને ગંભીર અગ્રીમ વિસ્તારમાં અંકુશ રેખા ઉપર ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ ૧૭ અને ૧૮મી જુનના દિવસે સાંભા જિલ્લામાં અંતરારાષ્ટ્રીય સરહદ ઉપર યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો.

૧૩મી જુનના દિવસો પાકિસ્તાની સૈનિકોએ મોર્ટારનો મારો ચલાવ્યો હતો. સાથે-સાથે અંકુશરેખા ઉપર ભારતીય ચોકી ઉપર ગોળીબાર પણ કર્યો હતો. એપ્રિલ-મે મહિનામાં અંકુશ રેખા ઉપર યુદ્ધ વિરામના ભંગના ૧૯ બનાવ બની ચુક્યા છે. ૨૦૧૨માં અગ્રીમ ચોકીઓ ઉપર પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા યુદ્ધ વિરામના ભંગ અને ગોળીબારમાં ૧૨ જવાનોના મોત થયા હતા અને ૪૧ ઘાયલ થયા હતા. ભારત પાકિસ્તાન સરહદ ઉપર પેટ્રોલિંગને હાલમાં વધારી દેવામાં આવી છે. ગયા વર્ષે યુદ્ધ વિરામના ભંગના ૧૪૯ બનાવ બન્યા હતા.

## અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટનના નેતાઓ મોદીને મળશે

આગામી દસ દિવસમાં પશ્ચિમના દેશોના સિનિયર નેતાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે દિલ્હી આવી રહ્યા છે. કારણ કે તેઓ ભારત સાથે અબજો રૂપિયાના ડિફેન્સના સોદા પાર પાડવા માટે આતુર છે. ચૂંટણી પ્રચાર વખતે નરેન્દ્ર મોદીએ ભારતના ડિફેન્સ પાવરને વધારવા માટે એમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)ની વાત કરી હતી અને હાલમાં જે ૨૬ ટકા એફડીઆઈ છે એ વધારીને ૪૯ ટકા સુધી લઈ જવામાં આવશે. આ માટે આગામી દસ દિવસમાં ફ્રાન્સ, અમેરિકા અને બ્રિટનના સિનિયર નેતાઓ ભારત આવી રહ્યા છે.

## ઈરાકમાંથી ટુંક સમયમાં જ ૬૦૦ ભારતીયોને ખસેડાશે

નવી દિલ્હી,તા. ૧

હિંસાગ્રસ્ત ઈરાકમાં સ્થિતીને હળવી કરવામાં કેટલાક અંશે સફળતા મળી છે પરંતુ ભારત સરકાર કોઈ તક લેવા ઈચ્છુક નથી. ભારત સરકારે જ્યાં સુધી સ્થિતી બિલકુલ સામાન્ય ન બને ત્યાં સુધી ૬૦૦ ભારતીયોને ખસેડી લેવાની તૈયારી કરી લીધી છે. ભારતે ઈરાકમાં કામ કરતા ભારતીય વર્કરોને ખસેડવાની શરૂઆત કરી દીધી છે.વિદેશ મંત્રાલયના પ્રવકતાએ કહ્યું છે કે નાગરિકોને પ્રવાસના દસ્તાવેજ અને વિમાની ટિકિટ આપવામાં આવી રહી છે. એક સપ્તાહમાં આશરે ૬૦૦ ભારતીય લોકોને ઈરાકમાંથી ખસેડી લેવામાં આવસે. ભારતીયોને સલાહ આપવામાં આવી છે કે સ્થિતી વધારે ખરાબ થાય તેની રાહ જોવામાં ન આવે. સંઘર્ષથી મુક્ત રહેલા વિસ્તારો નજફ, બસરા અને કરબલામાં વિદેશ મંત્રાલય દ્વારા મોબાઈલ ટીમો સક્રિય કરી છે. જે ભારતીય નાગરિકોનો સંપર્ક કરી રહી છે. પ્રવકતાએ કહ્યું હતું કે જો કોઈ વર્કરને પોતાની કંપની સાથે કોઈ કરારના કારણે તકલીફ છે તો તેને દુર કરવા માટે સમિતી પણ બનાવી દેવામા આવી છે. પ્રવકતાએ કહ્યું છે કે નજફમાંથી ૬૦ લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. વિમાની ટિકિટની ઉપલબ્ધતાના આધારે લોકોને સ્વદેશ પરત લાવવામાં આવી રહ્યા છે. કરબલામાંથી ૩૦ લોકોને ભારત પરત લાવવામાં આવ્યા છે. જ્યારે અન્ય ૧૦૦ના દસ્તાવેજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. બસરામાંથી છ ભારતીય લોકોને પરત ફરવા માટે મદદ આપવાંમાં આવી ચુકી છે. ઈરાકમાં ફસાયેલા ભારતીય લોકોને સતત ખસેડવામાં આવી રહ્યા છે. આ પ્રવાહ હાલ જારી રહે તેવી શક્યતા છે.

## આજે નોકઆઉટ રાઉન્ડની અંતિમ મેચ અમેરિકા અને બેલ્જિયમ વચ્ચે રમાશે

**બન્નેની ટીમોની પ્રતિષ્ઠા દાવ પર : રાત્રે ૧.૩૦ વાગે મેચ**

રિયો ડી જિનેરિયો,તા. ૧

ફીફા વર્લ્ડ કપમાં નોક આઉટ રાઉન્ડ પણ હવે પૂર્ણ થવાની તૈયારીમાં છે. આવતીકાલે બુધવારે નોકઆઉટ રાઉન્ડની અંતિમ મેચ અમેરિકા અને બેલ્જિયમ વચ્ચે રમાનાર છે. બન્ને ટીમો એકબીજા સામે જીત મેળવીને ક્વાર્ટર ફાઇનલમાં એન્ટ્રી કરવાના પ્રયાસો કરશે. નોકઆઉટમાંથી બહાર થઇ ગયેલી ટીમોમાં ચિલી, ઉરુગ્ને, મેક્સિકો, ગ્રીસ અને નાઇજિરિયાનો સમાવેશ થાય છે આ ઉપરાંત અલ્જેરિયા પણ નોકઆઉટમાંથી બહાર થઇ ગયુ છે. હવે ટોચની ટીમો આમને સામને રહેશે. એકબાજુ બ્રાઝિલની ટક્કર ક્વાર્ટર ફાઇનલમાં આ વખતે કોલંબિયા સામે થશે. કોલંબિયા લાંબા સમય બાદ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયું છે. તેનો દેખાવ ફીફા વર્લ્ડ કપમાં જોરદાર રહ્યો ચે. નેધરલેન્ડ અને કોસ્ટારીકા સામ ।સામે રહેશે. બેલ્જિયમ અને અમેરિકા વચ્ચે રમાનારી મેચનુ રાત્રે ૧.૩૦ વાગે પ્રસારણ કરવામાં આવનાર છે. આ મેચને જોવા માટે મોટી સંખ્યામાં લોકો પહોચે તેવી શક્યતા છે. અમેરિકાએ તમામ ટીમોને લીગ મેચમાં જોરદાર ફાઇટ આપી હતી. આ વખતે ફીફા વર્લ્ડ કપમાંથી અનેક મહાકાય ટીમો બહાર થઇ ચુકી છે. જેમાં વર્તમાન ચેમ્પિયન સ્પેન અને ઇટાલીનો સમાવેશ થાય છે. બ્રાઝિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી. ઇન્ટરનેશનલ ફુટબોલ ફેડરેશન ફીફા દ્વારા વર્ષ ૧૯૭૮ બાદથી પ્રથમ વખત દક્ષિણ અમેરિકામાં વિશ્વ કપ યોજવાની જાહેરાત કરી હતી. એકંદરે પાંચ વખત આનુ આયોજન અહીં કરવામાં આવી ચુક્યું છે.

## સમાચાર ઝલક

- ખેડૂતોને ઊંચા સમર્થન મૂલ્ય આપવાની નિષ્ણાંતની માંગ.
- દિલ્હી કેન્દ્ર સરકારની કચેરીઓમાં ૨૦૦ જેટલા લેટ લતીફોને રજા મુકવી પડી.
- નાઈજિરિયામાં આતંકીઓએ ચર્ચમાં આગ લગાવી ૩૦ની હત્યા કરી.
- દારૂના નશામાં સમાજવાદી પક્ષના નેતાનો બબડાટ.
- યુપીમાં વિચિત્ર ઘટના બની મહિલા પર મહિલાએ કર્યો બળાત્કાર.
- બોલીવુડ ક્ષેત્રે સલમાન, આમીર, શાહરૂખની જોરદાર બોલબોલા છે.
- રોમમાં મોરારીબાપુની કથાએ લોકોને મંત્રમુગ્ધ કર્યા.
- હોસ્પિટલોમાં વેટ તંત્રના દરોડાથી ચકચાર. ગાંધીનગરમાં પણ દરોડા.
- દાહોદ રેલવે પોલીસે અજાણ્યા યુવાનનો મૃતદેહ દફનાવ્યા બાદ ઓળખ થઈ.
- બહુજન સમાજ પાર્ટી, નેશનલ સમાજવાદી પાર્ટી સી.પી.આઈની રાષ્ટ્રીય માન્યતા રદ થશે.
- આજે તા. ૧લી જુલાઈએ ડોકટર્સ ડે મનાવવામાં આવ્યો.
- લેડી ડાયનાના બીજો પુત્ર પ્રિન્સ હેરીને ૧૦૦ કરોડનો વારસો મળશે. ૪૦ કરોડ ટેક્ષ ભરવો પડશે.
- બાળકોમાં ફેન્સી અને ચાઈનીઝ બેગનું જબરુ આકર્ષણ.
- દેશમાં હજુ પણ ત્રીજા ભાગની વસ્તી બળતણમાં છાણાનો ઉપયોગ કરે છે.
- મક્કાની પવિત્ર મસ્જીદમાં રમઝાન નિમિત્તે ૧૫૦ દરવાજા ખોલી નંખાયા.
- સનદ લઈ ધંધો-નોકરી કરનાર વકીલો સામે કડક કાર્યવાહી થશે.
- કોમર્શિયલ વાહનોમાં એપ્રિલથી એન્ટીલોક બ્રેકિંગ ફરજિયાત થશે.
- ઈરાકમાં આતંકવાદીઓની નવા દેશ 'ખલીફા કા શાસન'ની જાહેરાત.
- વિદેશોમાં ભારતીયોના કાળા નાણાંના બદલાતા સ્વરૂપો. સોના અને હીરામાં રોકાણ. શેરબજારમાં રોકાણ.

## સતત ત્રીજા દિવસે તેજીનો દોર : ૧૦૨ પોઈન્ટ અપ

મુંબઈ,તા. ૧

શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે તેજીનો દોર રહ્યો હતો. મજબૂત લેવાલી વચ્ચે સેન્સેક્સ ૧૦૨ પોઈન્ટ ઉછળીને ૨૫૫૧૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફટી ૨૩ પોઈન્ટ ઉછળીને ૭૬૩૫ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આઈન્ટ્રા ડેના ગાળા દરમિયાન બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ એક વખતે ફેબ્રુઆરી ૨૦૦૮ બાદથી સૌથી ઉંચી સપાટી પર પહોંચ્યો હતો. મિડકેપમાં ૦.૬ ટકાનો ઉછાળો નોધાયો હતો. સેન્સેક્સમાં ૦.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. ઓટો અને મેટલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨-૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. કેપિટલ ગુડ્સ અને રિયાલિટી ઈન્ડેક્સમાં ૧-૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. આજે મારુતિ સુઝુકીના શેરમાં છ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. જૂન માટેના તેના કુલ વેચાણને તીવ્ર ઉછાળો નોંધાતા મારુતિના શેરમાં પણ તેજી જોવા મળી હતી.

મારુતિએ જુન મહિનામાં ૧૧૨૭૭૩ નું વેચાણ કર્યું છે. જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં ૮૪૪૫૫ કારનું વેચાણ કર્યું હતું. તાતા મોટર્સમાં ૪.૬ ટકા, એમએન્ડએમમાં ૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. માર્કેટ બ્રીડ્થ આજે હકારાત્મક રહી હતી. ૧૯૦૪ શેરમાં તેજી અને ૧૧૪૨ શેરમાં મંદી રહી હતી. એશિયન શેરબજારમાં ત્રણ વર્ષની ઉંચી સપાટી જોવા મળી હતી. યુરોપના તમામ મોટા બજારમાં તેજી રહી હતી. જાપાનના નિક્કીમાં ૧.૩ ટકા અને એમએસસીઆઈના ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. આજે ભારતીય શેરબજારમાં આઈટીના શેરમાં પ્રોફીટ બુકિંગની સ્થિતિ રહી હતી. ટીસીએસ, ઈન્ફોસીસ અને વિપ્રોમાં ૦.૮ અને ૧.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. સનફાર્મા, એચડીએફસી, ગેલ ઈન્ડિયા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને એનટીપીસીમાં ૦.૬થી એક ટકાનો ઘટાડો રહ્યો હતો.

## આદર્શ કૌભાંડ : સીબીઆઈ દ્વારા પૂરક ચાર્જશીટ દાખલ

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઈ)એ દેશભરમાં ભારે ચકચાર જગાવનાર કરોડો રૂપિયાના આદર્શ સોસાયટી કૌભાંડમાં તેની તપાસ પરિપૂર્ણ કરી લીધી છે. સીબીઆઈએ આજે બીજી પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી. ગયા મહિને સીબીઆઈની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આજે વધુ એક પૂરક ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. સીબીઆઈની ટુકડી ફ્લેટના માલિકોના સેલ્ફ કન્ટેન્ટ નોટ (એસસીએન)ની તૈયારી કરી રહી છે. ફ્લેટના આ માલિકો સોસાયટીની અંદર ફ્લેટ ખરીદવા માટે ગેરલાયક જાહેર કરવામાં આવ્યા હતા. ચાર્જશીટ પાંચ આરોપી લોકો સામે દાખલ કરવામાં આવી છે જેમાં એક સભ્ય અને ચાર ફાઈનાન્સરનો સમાવેશ થાય છે. સીબીઆઈના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, સોસાયટીના સભ્યો પૈકીના એકનું મોત થયું છે. જેથી ચાર્જશીટમાં તેના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

**Hello ફ્રેન્ડસ !** (પાના નં. ૪ નું ચાલુ)

કૉલેજનાં છોકરાં - છોકરીઓ સતત ઈન્ટરનેટ પર હોય છે. ચેટ કરતાં રહે છે. ઘરનાં એકદમ શાંત રહે છે. ઈન્ટરનેટ પર ગેમ રમતી વખતે એટલાં તલ્લીન થાય છે કે એમનાં મમ્મી-પપ્પા કશુંક કહેવાં માંગે છે. એનુંય ભાન રહેતું નથી. આ લોકો જો આવું વર્તન કરશે તો આમનું શું થશે? આવી તકારનાં ઘડિયા બોલતાં મા-બાપ પોતાનાં હાથમાંના ગેજેટ્સ સાચવતાં બોલતાં હોય છે. એ પોતે પણ એમનાં સ્માર્ટ ફોન સાથે સ્માર્ટનેસ બતાવે જ છે ને?

બાળકો સામે બળાપો કાઢતાં મા-બાપ તક મળે ત્યારે ફેસબુક, વોટ્સ અપ પર મચી પડતાં હોય છે, એમનેય આવું બધું કર્યા વગર ચેન નથી પડતું. બાળકોનો વાંક કાઢતાં પહેલાં પોતાનાં હાથ ખાલી છે ને? એટલું એમને જરૂર ચેક કરવું. પરિવાર સાથે ફરવા જઈએ કે સિનેમા જોવાં જઈએ અને એમા ધ્યાન રાખવાને બદલે મોબાઈલનાં ટૂકટૂકમાં જ જો બાળકો કે માબાપ લાગેલાં હશે તો એનો ગુસ્સો અરસપરસ નીકળશે એવાં દિવસો દૂર નથી.

**ચૂંટલો :**

મેસેજ, ચેટીંગ અને ઈન્ફોર્મેશનના સમુદ્ર જેવા વોટ્સ અપ પર હોવું એ ગર્વની વાત છે, લેકીન એક બાદ યાદ રખના બરખુરદાર, ''જબ આર વૉટ્સ અપ પર નહીં હોતે હો તબ સર ઉઠા કે જીતે હો...''

## ચેન્નાઈ ઈમારત દુર્ઘટનામાં મોતનો આંકડો વધીને ૨૭

**તમિળનાડુના મૃતક વ્યક્તિના પરિવારને પાંચ લાખ રૂપિયા આપવા તમિળાનાડુના મુખ્યપ્રધાન જયાએ જાહેરાત કરી**

ચેન્નાઈ,તા. ૧

તમિળનાડુમાં ચેન્નાઈ ઈમારત દુર્ઘટનામાં મોતનો આંકડો વધીને ।જે ૨૭ ઉપર પહોંચી ગયો હતો. હજુ પણ કાટમાળ હેટળથી મૃતદેહો હાથ લાગી રહ્યા છે. મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે બચાવ અને રાહત કામગીરી હજુ ચાલી રહી છે. દરમિયાન તમિળનાડુના મુખ્યપ્રધાન જયલલિતાએ રાજ્યના મૃત્યુ પામેલા લોકોના પરિવારને પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલાઓને મદદ કરવાની જાહેરાત કરી છે. ઈમારત ધરાશાયી થઈ ગયા બાદ ૭૦ લોકો કાટમાળ હેઠળ ફસાઈ ગયા હતા. કાટમાળ હેઠળથી ૨૩ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. શનિવારે સાંજે ઈમારત ધરાશાયી થવાના બનાવ બન્યો હતો. ગઈકાલે સોમવારે પણ બચાવ અને રાહત કામગીરી જારી રહી હતી. વધુ બે વર્કરોને આજે બચાવી લેવાયા હતા. બચાવ કામગીરી હજુ પણ જારી રહે તેવી શકયતા છે. બચાવી લેવામાં આવેલા વર્કરો મોટાભાગે આંધ્રપ્રદેશ અને ઓરિસ્સાના હોવાનું જાણવા મળ્યું છે. એનડીઆરએફ અને પોલીસની ટુકડી બચાવ કામગીરીમાં લાગેલી છે. કાટમાળ હેઠળ ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા પણ ચેન્નઈમાં બનાવના સ્થળે પહોંચ્યા હતા. માળખામાં ખામી હોવાના કારણે આ બનાવ બન્યો હતો. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ પણ ગઈકાલે ચેન્નઈમાં ઈમારત ધરાશાયી થવાના સ્થળની મુલાકાત લીધી હતી. આંધ્રપ્રદેશના કેટલાક માઈગ્રન્ટ વર્કરો સહિત ૭૦થી વધુ લોકો શનિવારની સાંજે ઈમારત ધરાશાયી થવાના બનાવ બાદ કાટમાળ હેઠળ ફસાયા હતા. વધુ લોકોને જીવીત બચાવી શકાય તે માટે બચાવ કામગીરીને તીવ્ર બનાવવા નાયડુએ અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પોરુરમાં મોલવીવક્કમ ખાતે નિર્માણ હેઠળ રહેલી ૧૧ માળની ઈમારત ધરાશાઈ થઈ ગઈ હતી.